# સેમેસ્ટર નાબૂદીની સાથે સાથે

ગાંધીનગર, તા.૬

ધોરણ-૯,૧૦,૧૧ અને ૧૨માં હાલમાં ચાલતી સેમેસ્ટર પધ્ધતિ નાબુદ કરવાનો રાજય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો હોવાની જાહેરાત શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે કરી છે. ઉચ્ચ ટેકનીકલ શિક્ષણ રાજયમંત્રી વસુબેન ત્રિવેદી અને પ્રાથમિક શિક્ષણ રાજયમંત્રી નાનુભાઈ વાનાણીની ઉપસ્થિતિમાં આજે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ શિક્ષણ વિભાગનાં આ નિર્ણયના સંદર્ભમાં જણાવ્યું હતુ કે, ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની વાર્ષિક પરીક્ષા ગુજરાત રાજય ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ લેશે.

- ધોરણ ૯, ૧૦, ૧૧ અને ૧૨માં સેમેસ્ટર પદ્ધતિ અંતે નાબૂદ કરાઈ
- શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ નિર્ણયના સંદર્ભમાં માહિતી આપી
- ધોરણ ૧૦, ૧૨ની વાર્ષિક પરીક્ષા ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા લેવાશે
- ધોરણ ૧૧ અને ૧૨ પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા જે તે શાળા દ્વારા લેવાશે
- હાલ ધોરણ ૧૧ અને ૧૨ મળીને વિજ્ઞાન પ્રવાહમાં બીસીએસસી મુજબનો અભ્યાસક્રમ છે
- ભૌતિક વિજ્ઞાન અને ગણિતમાં નહીવત ફેરફાર કરવામાં આવ્યા છે
- રસાયણ વિજ્ઞાનમાં પાંચ ટકા અને જીવવિજ્ઞાનમાં ૨૦ ટકા ફેરફાર કરાયા છે
- નીટ ૨૦૧૭માં ગુજરાતના વિદ્યાર્થીઓને કોઈ તકલીફ ન પડે તે હેતુસર અભ્યાસક્રમ તૈયાર કરાશે
- ટૂંક સમયમાં પુરવણી પુસ્તકો વિદ્યાર્થીઓને આપવામાં આવશે
- સીબીએસસી અને ગુજરાતના ૧૫-૧૫ નિષ્ણાતો સાથે બેસીને પુરવણી તૈયાર કરાઈ છે
- હાલ ચાલુ વર્ષે ધોરણ ૧૨માં જે વિદ્યાર્થી આવ્યા છે તેમને બાકી રહેલા પુરવણી અભ્યાસક્રમ આ વર્ષે જ ભણાવવામાં આવશે
- ધોરણ ૧૨ પછીના ઈજનેરી, ફાર્મસી અભ્યાસક્રમમાં પ્રવેશ માટે વર્ષ ૨૦૧૭-૧૮થી કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ તરીકે જેઈઈ મેઈનને મરજિયાત કરવાનો અને ગુજકેટ દાખલ કરવાનો અંતે નિર્ણય કરવામાં આવ્યો છે
- વાલીઓની, શૈક્ષણિક સંસ્થાઓ, નિષ્ણાતોની વારંવાર રજૂઆતને ધ્યાનમાં લઈને સેમેસ્ટર પદ્ધતિ નાબૂદ કરાઈ છે

## ફોટો ટૉક....

■ હિરેન ભટ્ટ



આ ગાંધીનગર છે ને, તે મોટું ગામડું છે...! એટલે કે, ગામડામાં જ જોવા મળે ને એવા રમણીય દ્રશ્યો અહીં ઘર આંગણે મળી જાય . ઘેંટા-બકરા,ગાયોનું ધણ ધૂળ ઉડાળતું ઘર પાસેથી નીકળી જાય... પાણીનું કુંડુ મુક્યું હોય તો જાત જાતના પંખીઓ સામે ચાલીને આંગણે આવે... નીલગાય તો જાણે સાદી ગાય હોય એમ બારણું સુંધી જાય... મોર અને કોયલના ટહુકા તો ક્યારેક કલશોર મટી ને માત્ર શોર લાગવા માંડે... વાંદરાઓ તો બાપ તોબા... ! દિ ‘આથમે અહીંના વૃક્ષોની સુગંધ તમારા શ્વાસોને મહેકાવી દે... સાહેબ, આ ગાંધીનગર તમને બહેકાવી દે...!!! પીસ્તાલીસ ડિગ્રી તાપમાં ભરબપોરે ત્રણ વાગ્યે કારનું એ.સી. મેક્સિમમ પર મૂક્યું હોય તો પણ રેબઝેબ થતા સાવ સુમસામ રસ્તે જતાં હો ત્યારે આંબાના છાંયડે જંપી ગયેલા ઘેંટા-બકરા અને ગોવાળનું આ દ્રશ્ય જોઇને ટાઢક થઈ જાય... બળબળતા બપોરે આ ગોવાળ સાથે ઓટલા પર બે ઘડી બેસવાની મજા જ કંઈ ઓર હતી... આ ગાંધીનગર તમને છલકાવી દે...!

# વણઝારા સમાજના રૂઢિચુસ્ત રિવાજો સામે ઝઝુમતા આગેવાનને તલોદમાં પ્રથમ સફળતા

## લગ્ન, સગાઈ, છુટાછેડા, બાળકોના ઢુંઢ, મરણ પાછળ ગંગાપૂજન વગેરે બિન જરૂરી ખર્ચા બંધ કરાવવા સમાજમાં ચળવળ શરૂ કરી

તલોદ, તા. ૬

વિચરતી અને વિમુક્ત એવી અતિ પછાત જાતિ વણઝારા કોમ પોતાના કુરિવાજો થકી વધુ પછાતપણામાં ધકેલાઈ રહી હોવાના મત સાથે સમાજના એક આગેવાને છેલ્લા ઘણા સમયથી બંડ પોકાર્યું છે. શિક્ષણનો વ્યાપ સમાજમાં ધીમે ધીમે વધતો જતાં કેટલાક શિક્ષિત લોકો પણ આ રૂઢિચુસ્ત રિવાજો વિરૂદ્ધ અવાજ ઉઠાવતા થયા છે. પરંતુ સમાજની કેટલીક પ્રણાલીમાં તલોદના એક આગેવાન સક્રિય ભાગ લઈ રહ્યા છે અને તેમના થકી છુટા છેડાના એક પ્રસંગમાં સમાજના પંચોની હાજરીમાં બંને પક્ષોને રાજીખુશીથી છુટાછેડા અપાવી ખર્ચ વગર આ પ્રણાલીની પ્રથમ સફળતા પ્રાપ્ત કરી છે. જેના સમાચાર સમાજમાં પ્રસરતા લોકોએ તેમની કાર્યપદ્ધતિને આવકારી છે.

દેશભરમાં છુટા છવાયા રહેતા વિચરતી અને વિમુક્ત જાતિના વણઝારા સમાજના લોકો સમાજના રૂઢિચુસ્ત અતિ ખર્ચાળ રિવાજો પુરા કરવા આર્થિક રીતે પાયમાલ થઈ રહ્યા છે. જેમાં સગાઈ, લગ્ન, બાળલગ્ન, છુટાછેડા, બાળકોના ઢુંઢ, મરણ પાછળ ગંગાપૂજન જેવા રિવાજો પૂર્ણ કરવા આર્થિક સક્ષમ ન હોવા છતાં સામાજીક મર્યાદાઓથી બંધાઈને ખર્ચ કરવા મજબૂર થવુ પડતુ હોવાના અનેક દાખલા મોજુદ છે. આ તમામ બાબતોનો તલોદના એક આગેવાન કે જે અખિલ ભારતીય વણઝારા સેવા સંઘના પ્રદેશ મંત્રી છે જેઓએ અનેક વખત સમાજના મેળાવડા, મિટીંગો અને પંચો સમક્ષ કુરિવાજોને તિલાંજલી આપવા ભારપુર્વક જણાવી બંડ પોકારવાની શરૂઆત કરી હતી.

સગાઈ તોડવી હોય તો જે પક્ષ તરફથી અસ્વીકાર હોય તેમને રૂ. ૫૦ હજાર તેમજ લગ્ન પછી છુટાછેડા હોય તો જેમને છુટાછેડા મેળવવા હોય તેમને રૂ. ૧ લાખ સમાજ તથા પંચો સમક્ષ સામા પક્ષને ચુકવવા પડતા હોય છે જેમાં આ કાર્યવાહી બે થી ચાર દિવસ ચાલતી હોય છે. અને વાદવિવાદ, ઝઘડા-કંકાશ થાય છે અને હાજર પંચોને ખાવાપીવા તથા ભાડા-ભથ્થા પણ ચુકવવાની જવાબદારી છુટાછેડા લેનારની બની જાય છે. જેથી તલોદના દશરથભાઈ વણઝારાએ એક છુટાછેડાની સમાજની પ્રણાલીમાં ભાગ લઈ ખર્ચ વગર બંને પક્ષે રાજીખુશીથી સમાધાન કરાવી છુટાછેડા કરાવી આપી સમાજને આર્થિક સદ્ધરતા પુરી પાડી હતી. સમગ્ર સમાજમાંથી તલોદમાં આ પ્રથમ પહેલને મળેલી સફળતા સમાજને યોગ્ય રાહ ચિંધશે તેવો તેમને વિશ્વાસ ઉભો થયો છે. ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક જેવા રાજ્યોમાં પણ આ રીતે કુરિવાજો બંધ થાય તેવા તેમના પ્રયત્નો જારી રહેશે તેવું તેઓ જણાવી રહ્યા છે. સમાજમાં શિક્ષણ અને કુરિવાજોની તિલાંજલી ઉપર દરેક વ્યક્તિએ આગળ આવવુ જોઈએ જેથી સમાજ સફળતાને પામી શકે તેવું તેઓ જણાવી રહ્યા છે.

## ધણપ ગામનું ગૌરવ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર તાલુકાના ધણપ ગામની દીકરી શ્રધ્ધા બા કાળુસિંહ



રાણાએ તાજેતરમાં જાહેર થયેલ ધોરણ-૧૦ના પરિણામમાં ૮૬.૫૬ પર્સેન્ટાઈલ મેળવી ગામનું ગૌરવ વધારેલ છે. શ્રધ્ધાબા ધોરણ-૧૦માં ગામમાં આવેલી આદર્શ સંસ્કાર તીર્થ હાઈસ્કુલમાં અભ્યાસ કરતી હતી.

## દેશી બનાવટના તમંચા સાથે એકની ધરપકડ

અમદાવાદ, તા.૬

ગેરકાયદેસરના હથિયાર સાથે એક આરોપીને એસઓજી એ પકડી પાડ્યા હતા. બાતમીના આધઆરે વોચ ગોઠવી હતી. વોચ દરમ્યાન આરોપીને પકડી પાડ્યો હતો. આરોપી પાસેથી એક દેશી તંમચો મળી આવતા કબ્જે કર્યો હતો.

# ધોરણ-૧૨ સુધીના શિક્ષણને ફીમાંથી સંપૂર્ણ માફીની માંગ

## દર વર્ષે ખાનગી અને સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં કરાયેલો ફી વધારો જાહેર કરવામાં આવે તે ખુબ જરૂરી : કોંગ્રેસ

અમદાવાદ, તા.૬

સમગ્ર ગુજરાત રાજયમાં કે જી પ્રાથમિકથી લઈ ધોરણ-૧૨ સુધીના શિક્ષણને ફીમાંથી સંપૂર્ણ માફી આપવાની માંગણી કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ભાજપ સરકારે છેલ્લા બે દશકાના શાસન દરમિયાન રાજયમાં કેટલી સરકારી અને કેટલી સેલ્ફ ફાઈનાન્સ શાળા કોલેજો શરૂ કરી તેની સંપૂર્ણ વિગતો આપી દર વર્ષે ખાનગી તેમજ સેલ્ફ ફાઈનાન્સ શાળા કોલેજોમાં કરાયેલો ફી વધારો જારેર કરવો જોઈએ. કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, આજથી ૨૦૧૬-૧૭નાં વર્ષ માટે પ્રથમ શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે. કેજી પ્રાથમિક શાળાના બાળકો ૪૫ ડિગ્રી સુધીના ગરમીના આક્રમણથી બચે તે માટે શાળાનું વેકેશન એક અઠવાડિયા સુધી લંબાવવાની દરકાર નહીં કરનાર આ ભાજપ સરકારને શિક્ષણના વેપલા સિવાય કશાંયમાં રસ નથી. ભાજપ સરકારે છેલ્લા બે વર્ષમાં શિક્ષણના વેપારના નામે સેલ્ફ ફાઈનાન્સ અને ખાનગી શાળા કોલેજોની હાટડીઓ શરૂ કરતાં શિક્ષણનાં સ્તરમાં ગુજરાત સમગ્ર દેશમાં છેક ૧૭માં ક્રમે પહોંચી ગયું છે. ગુજરાતમાં વેપારલક્ષી અભિગમ સાથે કથળી ગયેલા શિક્ષણને બચાવવા માટે તેમણે રાજયની દરેક સરકારી, ખાનગી અને સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં કેજી ધોરણ-૧ થી ધોરણ-૧૨ સુધીના શિક્ષણ માટે ફીમાંથી સંપૂર્ણ માફી આપવા માંગ કરી છે. જેનાં કારણે શિક્ષણ ક્ષેત્રે વ્યાપેલો વ્યાપક ભ્રષ્ટ્રાચાર અટકવા સાથે શિક્ષણની ગુણવત્તામાં પણ વધારો થશે. આ ઉપરાંત મોંઘવારીના સમયમાં સમગ્ર સમાજને રાહત થવા સાથે ડ્રોપ આઉટ રેશિયોમાં પણ ધરખમ ઘટાડો થશે. ભાજપ સરકારની રહેમનજર હેઠળ ચાલતી સેલ્ફ ફાઈનાન્સ અને ખાનગી શાળા-કોલેજો એક સેમેસ્ટરમાં જ રૂપિયા પાંચ હજારથી લઈ રૂપિયા બે ત્રણ લાખ જેટલી ફી ખંખેરી લે છે. જેમાં મોટાભાગની શૈક્ષણિક સંસ્થાઓ આ ફીની પહોંચ ઝીરો ઉડાડી દઈને માત્ર રૂ. ૫૦૦ થી રૂ. ૨૦-૩૦,૦૦૦ સુધીની દજ આપે છે. આમ, ભાજપ સરકારની મિલિભગતથી આ ઉઘરાવાતી લખલૂંટ રૂપિયાની ફી ક્યાં ગાયબ થઈ જાય છે. તેની સઘન તપાસ કરવી જોઈએ. કારણ કે, આ ભ્રષ્ટ્રાચારથી રાજય સરકારની તિજોરીમાં અબજો રૂપિયાની ખોટ પડે છે. પરંતુ શાળા કોલેજોના ટ્રસ્ટીઓ અબજોપતિ થઈ ગયા છે.

# નાકા ગામે બાઈકની ટક્કર વાગતા એકનું મોત

હિંમતનગર, તા. ૬

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના નાકા ગામ પાસે બાઈક ચાલકે પ્લેઝરને ટક્કર મારતા લક્ષ્મીપુરાના યુવકને ગંભીર ઈજા પહોંચતા ઘટના સ્થળે મોત નિપજયુ હતું.

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરાના રહીશ મનુભાઈએ અંબાસા પાસે ખેતીની જમીન રાખી ખેતી કરતા હોઈ તે ત્યાં રહેતા હતા. શનિવારના રોજ મનુભાઈનો પુત્ર પ્રતિક અને જગુભાઈ ગુલાબભાઈનો ભત્રીજો કિરણ બંને જણા પ્લેઝર નં.જીજે.૯. સીટી.૬૭૪૭ લઈ અંબાસા ગયેલ હતા અને અંબાસા મનુભાઈને ત્યાં રોકાયેલ હતા અને રવિવારે અંબાસાથી લક્ષ્મીપુરા પરત આવવા માટે નીકળેલ તે સમયે નાકા ગામની હાઈસ્કુલ પાસે વળાંકમાં રોડ પર પસાર થતા હતા તે સમયે રાત્રે ૮ વાગ્યાના સુમારે કલોલકંપા તરફથી આવતી સ્પ્લેન્ડર મોટર સાયકલ નં.જીજે.૧. એમબી.૮૩૭૫ ના ચાલકે પોતાની બાઈક પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી કિરણ તથા પાછળ બેઠેલ પ્રતિકના પ્લેઝરને સામેથી ટક્કર મારતા બંને જણા રોડ પર પટકાઈ ગયા હતા.

જયાં પ્રતિકને માથામાં અને શરીરે ગંભીર ઈજાઓ થતાં સ્થળ પર મરણ ગયેલ. જે અંગે કિરણે જગુભાઈને જાણ કરતા તે ઘટનાસ્થળે પહોંચી જોતા પ્રતિકનું મૃત્યુ થયેલ હતું. જે અંગે જગુભાઈ ગુલાબભાઈ પટેલે અકસ્માત સર્જી નાસી ગયેલ અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

# સુરત ખાતે પ્રથમ વર્ષ સંઘ શિક્ષા વર્ગ સમારોહ કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૬

આરઆરએસ ગુજરાતના પ્રાંતનો પ્રથમ વર્ષ સંઘ શિક્ષા વર્ગ કાર્યક્રમ છેલ્લા ૨૦ દિવસથી સુરત ખાતે ચાલી રહ્યો હતો. આ કાર્યક્રમમાં ગુજરાતમાંથી ૧૫ થી ૪૦ વર્ષના અને ૨૯૦ થી વધુ સ્થાનો પરથી ૬૧૩ શિબિર્થીઓએ સ્વખર્ચે ભાગ લીધો હતો.જેમાં શાળાના વિદ્યાર્થી, કોલેજીયન, ખેડુત, એન્જીનિયર, ડોકટર,સીએ સહિતના શિબિરમાં જોડાયા હતા. વર્ગ દરમિયાન શારીરીક, બૌદ્રિક, તપ, સાધના, સાહિત્ય, સેવા, પર્યાવરણ, આપાતકાલીન સેવા, પંચગવ્ય, સજીવખેતી સહિત વગેરે વિષયોનું માર્ગદર્શન પુરુ પાડયું હતું.

આ પ્રથમ વર્ગ સંઘ શિક્ષા વર્ગ સમારોહ કાર્યક્રમમાં ઉપસ્થિત પ્રશ્ચિમ ક્ષેત્ર સંઘ સંચાલક ડો. જયંતિભાઈ ભાડેસીયાએ શિબિરમાં જોડાયેલા યુવાનોને જણાવ્યું હતું કે આજનો દિવસ પમી જુનના રોજ ગાયત્રી પરિવારના સ્થાપક પંડિત શ્રી રામ શર્માની પુણ્યતિથિ તેમજ રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘના દ્વિતિય સરસંઘચાલક પૂ.ગુરુજીની પૂણ્યતિથિ છે. વિશ્વમાં આજનો દિવસ વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવાઈ રહ્યો છે. ત્યારે ગ્લોબલ વોર્મિંગ, ગ્લોબલ રિસેસન, અને ગ્લોબલ ટેરિરીઝમ આ સમસ્યાઓ પર જણાવ્યું હતું કે હિંદુત્વ જીવન દર્શન, જીવન મુલ્ય ો અને જીવન વ્યવહારમાં રહેલો છે. વૈશ્વિક તાપમાનમાં વધારો તથા પર્યાવરણમાં નુકશાન માનવીની વિજ્ઞાનના જોરે કુદરતના વધુ પડતા શોષણને આભારી છે.નદી, પર્વત, વન, જંગલ અને પશુ-પક્ષી , માનવી કુદરતના સાનિધ્યમાં સંતુલન ન રહે તો પૃથ્વી સંમેલન જેવા કાર્યો ઉપકારક નીવડે નહી. પર્યાવરણ પ્રેમી બની પંચતત્વ સાથે સંતુલન જાળવી હિંદુત્વના આદર્શો જીવનમાં અમલમાં મુકવાથી આ દુષણને અટકાવી શકાશે.

આરએસએસના ઘોષના તાલે પગથી પગ અને હાથથી હાથ મિલાવીને ચાલતા સ્વયસેવકોએ દેશની રક્ષા કરતી સેનાની શિસ્તની યાદ અપાવી હતી. વ્યાયામ, યોગ, તેમજ વિવિધ યોગાસનો એ પ્રાચીન રૂષીમુનિયોની યાદ કરાવી હતી. પ્રદર્શનમાં કરાટે ના દાવ તથા લાઠીની મદદથી કરેલું યુંધ્ધનુ નિર્દશન રણભુમિની યાદ અપાવી જાય તેવું હતું. આ મંચ ઉપર સ્વામીનારાયણ સંપ્રદાયના પુ.નીલકંઠ ચરણ સ્વામીજીએ આરઆરએસના યુવાનોને આશિર્વચન પાઠવ્યા હતા.

કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે હાજર રહેલા જીવરાજભાઈ ગાબાણીએ સંઘની સેવા પ્રવૃતિ ની પ્રશંસા કરી હતી.

## ૯મીએ સજા... ● પહેલા પાનાનું ચાલુ

ચૂંટણીમાં અસારવા બેઠક પરથી જીતી ગયેલા ભાજપના વર્તમાન કોર્પોરેટર બીપીન પટેલ પણ આરોપી પૈકીના એક હતા. તપાસ વેળા સીટ દ્વારા એવી દલીલ કરાઈ હતી કે, ગોધરા ટ્રેન અગ્નિકાંડ બાદ ૨૦૦૦૦થી ૨૨૦૦૦ જેટલા ટોળાએ ગુલબર્ગ સોસાયટીમાં હુમલો કર્યો હતો અને આ સોસાયટીને આગ ચાંપી દીધી હતી જેમાં ૬૯ લોકો ભડથુ થઈ ગયા હતા. ૩૯ મૃતદેહ ઘટનાસ્થળથી મળ્યા હતા અને કેટલાક લોકો લાપતા હતા. આ તમામને મોડેથી મૃત જાહેર કરવામાં આવ્યા હતા. સીટ દ્વારા ૨૪ સાક્ષીઓની સીધીરીતે સાક્ષી તરીકે બનાવ્યા હતા. ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડમાં માર્યા ગયેલા કોંગ્રેસના પૂર્વ સંસદ સભ્ય અહેસાન જાફરીના વિધવા ઝાકીયા જાફરી દ્વારા તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે કેસ દાખલ કર્યો હતો.

## વિચારયાત્રા ● ૪ પાનાનું ચાલુ...

કરાવે છે - કહે છે કે - તું ગાંડી છે!

દરેક માએ કયારેક તો છૂટા થવું જ પડે!

સવાલ માત્ર સમયનો છે...

અત્યાર સુધી નિશાળ, ટિચર તેના મિત્રોની વાત હતી... અહીં જીવનની પાઠશાળાના વિવિધ તબક્કા તરફ અભિપ્રેત છે. કારણ કે મુન્નો કે મુન્ની ગમે તેટલા મોટા થાય માની નજરમાં તો બાળક જ રહે છે...

આ ખટપટીયા અને અટપટીયા લોકોના મેડાળડામાં પોતાના લાડલા કે લાડલીને એડચણોનો સામનો તો નહીં કરવો પડે ને! એ પછી પહેલી નોકરી હોય કે છોકરા કે છોકરીના લગ્નની વાત હોય... માતા આવી ચિંતામાં અટવાયેલી રહે છે... મુન્નાને જીવનના મહત્ત્વના તબક્કામાં મૂકવાનો સમય પાકી જાય ત્યારે મા મૂંઝાઈ જાય છે અને ત્યારે પિતાની પંક્તિઓ બહુ સૂચક છે...

પિતા જણાવવા માગે છે કે, પુત્ર કે પુત્રીનો સંસારરથ આગળ વધે જ રાખવાનો છે... પંખીના બચ્ચા મોટા થઈ ગયા છે, પાંખો આવી ગઈ છે, હવે તેઓ ઉડવાના છે...

દરેક માએ વિખૂટા થવું જ પડે છે...

સવાલ માત્ર સમયનો છે...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

## સેમેસ્ટર પદ્ધતિ અંતે રદ્દ... ● પહેલા પાનાનું ચાલુ

નાબુદ કરવાની વારંવાર રજુઆતો થતી હતી. વ્યાપક પ્રમાણમાં મળેલ આ રજુઆતોના સંદર્ભમાં શિક્ષણ વિભાગે આ નિર્ણય લીધો હોવાનું શિક્ષણમંત્રીએ જણાવ્યું છે. ચુડાસમાએ જણાવ્યું હતું કે, હાલ ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ મળી વિજ્ઞાન પ્રવાહમાં સી બી એસસી મુજબનો અભ્યાસક્રમ છે. પરંતુ ફીઝીક્સ અને મેથ્સમાં નહીંવત ફેરફાર છે. જ્યારે કેમેસ્ટ્રીમાં ૫ ટકા અને બાયોલોજીમાં ૨૦ ટકા ફેરફાર છે.

નીટની ૨૦૧૭માં લેવાનાર પરીક્ષામાં વિદ્યાર્થીઓને કોઈપણ જાતની મુશ્કેલી ન પડે તે ધ્યાનમાં લઈને આ અભ્યાસક્રમ તૈયાર કરીને ટૂંક સમયમાં પુરવણી પુસ્તકો વિદ્યાર્થીઓને આપવાનું શિક્ષણ મંત્રીએ જણાવ્યું છે. આ અભ્યાસક્રમ શિક્ષણ વિભાગે સી બી એસસી અને ગુજરાતના ૧૫-૧૫ તજજ્ઞો સાથે બેસીને પુરવણી તૈયાર કરાઈ છે. હાલ ચાલુ વર્ષે ધોરણ-૧૨માં જે વિદ્યાર્થીઓ પ્રવેશ્યા છે તેમને બાકી રહેલો પુરવણી અભ્યાસક્રમ આ વર્ષે જ ભણાવવામાં આવશે. જેથી નીટની ૨૦૧૭ની પરીક્ષામાં વિદ્યાર્થીઓને કોઈ મુશ્કેલી ન પડે. નીટની તૈયારી માટે બાયસેગ મારફત શાળાઓમાં તેમજ ઘેરબેઠા ટેલીવીઝન મારફત શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવશે. ધોરણ-૧૨ પછીના ઈજનેરી ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વર્ષ ૨૦૧૭-૧૮થી કોમન એન્ટ્રસ ટેસ્ટ તરીકે જેઈઈ મેઈનને મરજીયાત કરવાનો અને ગુજકેટ દાખલ કરવાનો નિર્ણય કરેલ છે.

મેડિકલમાં પ્રવેશ માટે નીટ ફરજિયાત કરવાની સુપ્રીમ કોર્ટના આદેશ બાદથી ગુજરાતના વિદ્યાર્થીઓ અને વાલીઓ અસમંજસની સ્થિતિમાં દેખાઈ રહ્યા હતા. આ વિશે અનેક કારણો પૈકીનું એક કારણ ધોરણ ૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં દાખલ કરવામાં આવેલી સેમેસ્ટર સિસ્ટમ હોવાનું વાલીઓ અને નિષ્ણાતો જણાવી રહ્યા હતા. ગુજરાતના વિદ્યાર્થીઓએ ગુજકેટ માટે માત્ર બે સેમેસ્ટર ત્રણ અને ચાર એટલે કે એક વર્ષની તૈયારી કરવી પડે છે જ્યારે નીટ માટે બે વર્ષ ધોરણ ૧૧ અને ૧૨ની તૈયારી કરવી પડતી હોવાથી ગુજરાતના વિદ્યાર્થીઓ નીટમાં સારો દેખાવ કરવાની સ્થિતિ દેખાઈ રહી ન હતી. આખરે સરકારે કેટલાક મહત્વના નિર્ણય લેતા ધોરણ ૯, ૧૦, ૧૧ અને ૧૨માં સેમેસ્ટર પદ્ધતિ નાબૂદ કરવાનો આજે નિર્ણય લીધો હતો.

**માણસા નગરપાલિકા**

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ કલમ-૯૯(૧)(૧) અનુસાર**

આથી માણસા નગરપાલિકા હદવિસ્તારમાં આવેલ વૉલ્યુમ ૧ની તમામ પ્રકારની મિલ્કતના મોલિકો / કબજેદારો / પ્રતિનિધિઓને જણાવવામાં આવે છે કે, આ સંસ્થાની ક્ષેત્રફળ આધારિત (એરીયાબેઝ) પ્રોપટી ટેક્ષની ચર્તુવર્ષીય આકારણી ૨૦૧૬-૨૦૧૭ના વર્ષ માટે કરવામાં આવેલ છે. તો આકારણી પત્રકો આ સંસ્થાની કચેરીમાં રજાના દિવસો સિવાય કચેરીના સમય દરમિયાન ખુલ્લા રાખવામાં આવેલ છે. તો આકારણી પત્રકોમાં સમાવિષ્ટ કરેલ મિલ્કતોના ક્ષેત્રફળ તેમજ ભાડુઆત સંબંધમાં મિલ્કતના માલિક / કબજેદારો / પ્રતિનિધિઓ વાંધો લેવા માગતા હોય તો જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખની એક માસની અંદર મિલ્કતવાર અલગ અલગ લેખિત અરજીઓ કારણોસર અત્રે મોકલી આપાવાની રહેશે. કાયમી બંધ રહેતી હોય તેવી મિલ્કતોની પણ લેખિતમાં જાણ કરવાની રહેશે. મુદત બહારની અરજીઓ ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

**નોંધ** :- ૧. આકારણી સામે વાંધો અરજી આપતા અગાઉ બાકી તમામ વેરા ભરપાઈ કરવા.
૨. આકારણી પત્રકની તપાસ માટે અગાઉ ભરેલ ટેક્ષની પાવતી અથવા બિલ સાથે લાવવું.

જા.નં. /૨૦૧૬
તા. ૩/૬/૨૦૧૬,
સ્થળ : માણસા

| | | | |
|---|---|---|---|
| (રવિકાન્ત બી. પટેલ) | (મહેશભાઈ જી. પટેલ) | (દિનેશભાઈ પી. પટેલ) | (નીતાબેન ડી. પટેલ) |
| ચીફ ઓફીસર | ટેક્ષ ચેરમેનશ્રી | કારોબારી ચેરમેનશ્રી | પ્રમુખ |
| માણસા નગરપાલિકા | માણસા નગરપાલિકા | માણસા નગરપાલિકા | માણસા નગરપાલિકા |

માહિતી/૫૭૯/૨૦૧૬-૧૭